# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 29-06-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.
- ✓ ભારતીય ન્યાય સંહિતા – ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ પહેલી જુલાઇથી લાગુ થશે.
- ✓ રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થાએ સંયુક્ત CSIR-UGC નેટ અને N.C.E.T પરીક્ષાની નવી તારીખ જાહેર કરી.
- ✓ કડક સલામતી વચ્ચે કાશ્મીરના પહલગામ અને બાલતાલ માર્ગથી અમરનાથ યાત્રાનો આજથી પ્રારંભ થયો.
- ✓ ટી-20 વિશ્વકપ ક્રિકેટની ફાઈનલ મેચ આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાશે.

## *PM MANN KI BAAT*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે અગિયાર વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર "મન કી બાત" કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની એક સો અગિયારમી કડી હશે. શ્રી મોદીના સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી પદ સંભાળ્યા બાદ આ "મન કી બાત"ની પહેલી કડી હશે.**

**અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ**

વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમ જ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

.................

## *NEW-CRIMINAL-LAWS*

દેશમાં ભારતીય ન્યાય સંહિતા – ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ પહેલી જુલાઇથી લાગુ થશે. ગયા વર્ષે સંસદના શિયાળુ સત્રમાં આ વિધેયકોને બહાલી અપાઇ હતી.

નવા ફોજદારી કાયદાઓનું ધ્યેય કાર્યક્ષમ ન્યાય વ્યવસ્થા અને સુગમતા સાથે દેશના નાગરિકોને વધુ અધિકાર સંપન્ન બનાવવાનું છે. જેની મુખ્ય જોગવાઇઓમાં ઘટનાઓનો ઓનલાઇન રીપોર્ટ કરવો, કોઇપણ પોલીસમથકમાં એફઆઇઆર રજૂ કરવી, પીડીતોને એફઆઇઆરની કોપી વિનામૂલ્યે મળી શકે વગેરેનો સમાવેશ થાય છે.

નવા કાયદાઓમાં મહિલા અને બાળકોને લગતા ગુનાઓની તપાસને અગ્રતા અપાશે. એવી જ રીતે વિજાણું માધ્યમથી સમન્સ પાઠવવાની જોગવાઇથી કાયદાકીય પ્રક્રિયા ઝડપી બનશે.

ઉલ્લેખનીય છે કે, નવા ફોજદારી કાયદાઓના આગામી પહેલી જુલાઇથી અસરકારક અમલીકરણ માટે કેન્દ્ર સરકારે રાજય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે સમયાંતરે બેઠકો યોજી છે. જેમાં ટેકનોલોજીનો ઉપયોગ, ક્ષમતા વધારવી અને લોકજાગૃતિ કેળવવી જેવા મુદ્દાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

આકાશવાણી અને દુરદર્શનના સોશિયલ મિડિયા મંચો પરથી પણ સમાચાર બુલેટીન અને કાર્યક્રમો દ્વારા આ કાયદાઓને લગતી ચર્ચા, સંપુર્ણ

વિશ્લેષણ પણ રજૂ કરાયું હતું. આ નવા કાયદાઓમાં કેસોની તપાસમાં ટેકનોલોજી ઉપર ભાર મૂકવામાં આવ્યો હોવાથી નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરોએ ગુના અને ગુનેગારોને શોધવાના વર્તમાન માળખામાં 23 સુધારાઓ કર્યાં છે. અને બ્યુરો  કાયદાઓના મુદ્દે રાજય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોને તકનીકી સહાય પણ પુરી પાડશે.

આ ઉપરાંત બધા જ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ઉચ્ચશૈક્ષણિક સંસ્થાઓ યુજીસીની મદદથી આગામી પહેલી જુલાઇએ નવા ફોજદારી કાયદાઓ અંગે એક દિવસની જૂથ ચર્ચા, ક્વીઝ અને કાર્યશાળા જેવા કાર્યક્રમો યોજશે.

.................

## *NTA. UGC NET*

રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – N.T.A.એ હાલમાં જ રદ અને મોકૂફ કરાયેલી પરીક્ષાઓ માટે નવી તારીખ જાહેર કરી છે.

N.T.A.એ ગઈકાલે જાહેર કરેલી સૂચનામાં જણાવ્યું કે, UGC નેટ જૂન 2024 પરીક્ષા હવે 21 ઑગસ્ટથી ચાર સપ્ટેમ્બર દરમિયાન લેવાશે. આ પરીક્ષા આ મહિનાની 18 તારીખે યોજાવાની હતી, પરંતુ તેના એક દિવસ પછી પરીક્ષા રદ થઈ ગઈ હતી. પરીક્ષાની વિશ્વસનીયતા જોખમાઈ હોવાની શિક્ષણ મંત્રાલયને માહિતી મળી હતી. સહાયક પ્રૉફેસર્સની નિમણૂક, Ph.D. અભ્યાસક્રમોમાં પ્રવેશ અને જૂનિયર રિસર્ચ ફેલોશિપની શિષ્યવૃત્તિ માટે UGC નેટ પરીક્ષા યોજવામાં આવે છે. સંયુક્ત CSIR.-UGC નેટ જૂન 2024 પરીક્ષા હવે 25થી 27 જુલાઈએ લેવાશે. આ પરીક્ષા પણ મોકૂફ રાખવામાં આવી હતી.

ચાર વર્ષીય ઈન્ટિગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રૉગ્રામ – I.T.E.P.માં પ્રવેશ માટે નેશનલ કૉમન એન્ટ્રન્સ ટેસ્ટ -N.C.E.T.ને મોકૂફ રાખવામાં આવી હતી. હવે આ પરીક્ષા 10 જુલાઈએ લેવાશે.

N.T.A.એ કહ્યું કે, અખિલ ભારતીય આયૂષ અનુસ્નાતક પ્રવેશ પરીક્ષા 2024 પોતાના મૂળ સમયપત્રક મુજબ 6 જુલાઈએ જ યોજાશે. આ ઉપરાંત

N.T.A.એ ઉમેદવારોને વધુ માહિતી મેળવવા માટે તેની સત્તાવાર વેબસાઈટ www.nta.ac.in પર જવાની સલાહ આપી છે.

.................

## *AMARNATH YATRA*

52 દિવસ સુધી યોજાનારી અમરનાથ યાત્રા આજે સવારે કડક સલામતી વચ્ચે કાશ્મીર ઘાટીના પહલગામ અને બાલતાલ માર્ગથી શરૂ થઈ ગઈ છે.

આ યાત્રા આગામી 19 ઑગસ્ટ શ્રાવણ પૂનમના દિવસે પૂર્ણ થશે. જમ્મુ-કાશ્મીર વહીવટી તંત્રએ યાત્રાને સુરક્ષિત અને શાંતિપૂર્ણ બનાવવા માટે સુરક્ષાની યોગ્ય વ્યવસ્થા કરી છે.

.................

## *MID BREAK*

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.................

## *MAHILA CRICKET*

ચેન્નઈ ખાતે દક્ષિણ આફ્રિકાની સાથે એક માત્ર ટેસ્ટ મેચના બીજા દિવસે આજે ભારતીય મહિલા ક્રિકેટની ટીમ રમત આગળ ધપાવશે.

ટીમ હવે પહેલી ઈનિંગમાં ગઈકાલના ચાર વિકેટે 525 રનના સ્કોરથી આગળ રમશે. ગઈકાલે પહેલા દિવસે ભારતનાં શૈફાલી વર્મા અને સ્મૃતિ મંધાનાએ સારી બેટિંગ કરતા મહિલા ટેસ્ટ ક્રિકેટના ઇતિહાસમાં પહેલી વિકેટ માટે 292 રનની વિક્રમજનક ભાગીદારી નોંધાવી હતી.

શૈફાલી વર્માએ 197 બૉલમાં 205 રન બનાવી ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપી બેવડી સદી બનાવી. જ્યારે સ્મૃતિ મંધાનાએ 161 બૉલમાં 149 રન બનાવ્યાં. ભારતીય મહિલાઓએ એક જ દિવસમાં 525 રન બનાવીને મહિલા ટેસ્ટમાં 89 વર્ષ જૂનો વિક્રમ તોડી નાખ્યો હતો. આ પહેલા ઇંગ્લેન્ડે વર્ષ 1935માં ન્યૂ ઝિલેન્ડ સામે ક્રાઈસ્ટચર્ચ ખાતે એક દિવસમાં 2 વિકેટ ગુમાવી 431 રન બનાવ્યા હતા.

.................

## *SPORTS YOGA*

કેન્દ્રિય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ એશિયન્સ ગેમ્સમાં યોગને સામેલ કરવાનાં ભારતીય ઓલિમ્પિક સંઘનાં અધ્યક્ષ પી.ટી. ઉષાના સૂચનનું સ્વાગત કર્યું છે.

તાજેતરમાં જ પી.ટી. ઉષાએ એશિયન્સ ગેમ્સમાં યોગને એક રમત તરીકે સામેલ કરવાના પ્રસ્તાવ પર વિચાર કરવા માટે એશિયન્સ ઓલિમ્પિક પરિષદના અધ્યક્ષ રાજા રણધીર સિંહને પત્ર લખ્યો છે.

શ્રી માંડવિયાએ કહ્યું કે, ભારત યોગને લોકપ્રિય બનાવવામાં સૌથી આગળ રહ્યું છે અને સરકારે મોટી સફળતાની સાથે યોગને ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સમાં સામેલ કરીને તેને એક સ્પર્ધાત્મક રમત તરીકે શરૂ કરી છે. શ્રી માંડવિયાએ ઉંમેર્યું કે, સરકારે વિવિધ પહેલના માધ્યમથી યોગને એક સ્પર્ધાત્મક રમતની સાથે સાથે સ્વસ્થ જીવનની કળા અને વિજ્ઞાન તરીકે પ્રોત્સાહન આપ્યું છે. યુવા બાબત અને રમતગમત મંત્રાલયે દેશમાં સ્પર્ધાત્મક રમત તરીકે યોગાસનને પ્રોત્સાહન આપવા અને વિકાસ માટે યોગાસન ભારતને માન્યતા આપી છે.

.................

## *T20 WORLD CUP*

ટી-20 વિશ્વકપ ક્રિકેટની ફાઈનલ મેચ ભારતીય સમય અનુસાર આજે રાત્રે આઠ વાગ્યે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બાર્બાડોસમાં રમાશે.

રોહિત શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમે સેમિ-ફાઈનલ મેચમાં ઈંગ્લેન્ડને 68 રનથી હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. અન્ય એક સેમિ-ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાએ અફઘાનિસ્તાનને હરાવ્યું હતું. આ મેચ ભારતના મુખ્ય કોચ તરીકે રાહુલ દ્રવિડની છેલ્લી મેચ હશે.

.................

## BADMINTON ASIA JUNIOR

ઇન્ડોનેશિયામાં રમાઈ રહેલી બૅડમિન્ટન એશિયા જૂનિયર મિક્સ્ડ ટીમ ચેમ્પિયનશિપમાં ભારતે વિએતનામ સામે 5-0 થી વિજય મેળવ્યો છે.

ભાર્ગવ રામ આરીગેલા અને વેન્નાલાની જોડીએ ફામ વેન ટ્રુઓંગ અને બુઇ બિચ કુઓંગને 2-1 થી પરાજય આપ્યો હતો. પ્રણય શેટ્ટીગરે ટ્રાન ક્વોક ખાન સામે 2-1થી તથા તન્વી શર્માએ ત્રાન થી એન પર 2-0થી જીત મેળવીને ભારતની લીડ બમણી કરી દીધી છે. મેન્સ ડબલ્સમાં, અર્શ મોહમ્મદ અને સંસ્કાર સારસ્વતે ન્ગ્યુએન વાન માઈ અને ફામ વાન ટ્રુઓંગને 2-1 થી હરાવ્યાં જ્યારે મહિલા ડબલ્સમાં નવ્યા કંદેરી અને શ્રાવણી વાલેકરે બુઇ બિચ ફૂઓંગને પરાજય આપ્યો.

.................

## RUSSIA US

રશિયાએ કાળા સમુદ્ર ઉપર અમેરિકી ડ્રોનની વધી રહેલી ઉડાનને જોતા અમેરિકાને ચેતવણી આપી છે કે, આનાથી પ્રત્યક્ષ સૈન્ય અથડામણ થઈ શકે છે.

આ નિવેદન ક્રેમલિન દ્વારા સંયુક્ત રાજ્ય અમેરિકા પર ક્રિમીયા દ્વિપકલ્પ પર યુક્રેની મિસાઈલ હુમલાના જવાબદાર હોવાના આરોપ લગાવ્યાના પાંચ દિવસ બાદ આવ્યું છે, જેમાં ચાર લોકોના મોત થયા હતા.

રશિયાના અધિકારીઓએ દાવો કર્યો કે, અમેરિકા ખાનગી માહિતી આપીને અને લક્ષ્ય બનાવીને હુમલામાં પ્રત્યક્ષ રીતે સામેલ હતું. તેમ જ જવાબી કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. રશિયાના સંરક્ષણ મંત્રાલયે

જણાવ્યું કે, અધિકારીઓને કાળા સમુદ્ર ઉપર અમેરિકી ડ્રૉન ઉડાન પર પ્રતિક્રિયા તૈયાર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

.................

## *EPS CHANGE*

કેન્દ્ર સરકારે કર્મચારી પેન્શન યોજના (ઇપીએસ), 1995માં સુધારો કર્યો છે. આ અંતર્ગત છ મહિનાથી ઓછી પ્રદાનકર્તા સેવા ધરાવતા ઇપીએસ સભ્યોને પણ ઉપાડનો લાભ મળશે. આને કારણે 6 મહિનાથી ઓછી સેવા આપનારા 7 લાખથી વધુ ઇપીએસ સભ્યોને લાભ થશે.

આ ઉપરાંત, સરકારે કોષ્ટક ડીમાં પણ ફેરફાર કર્યો છે, જેને પગલે સભ્યોને સપ્રમાણ ઉપાડનો લાભ આપવા માટે સેવાના દરેક પૂર્ણ થયેલા મહિનાને ધ્યાનમાં લેવામાં આવશે. ઉપાડના લાભની રકમનો આધાર હવેથી સભ્ય દ્વારા પૂરી પાડવામાં આવેલી સેવાના પૂર્ણ થયેલા મહિનાઓની સંખ્યા અને ઈપીએસ યોગદાન કયા વેતન પર પ્રાપ્ત થયું હતું તેના પર રહેશે.. એક અંદાજ મુજબ ટેબલ ડીના આ સુધારાનો લાભ દર વર્ષે 23 લાખથી વધુ સભ્યોને મળશે.

.................